# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૫૨ ● તા. ૦૮ જૂન થી ૧૪ જૂન ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# રાણપર નગરે ઉજવાયો
# ત્રયાન્હિકા મહોત્સવ

અમે રાખમાંથી યે બેઠા થવાના
જલાવો તેમ તોયે જીવી જવાના
ભલે જળ ન સીંચો તેમ, તે છતાંય,
અમે ભીંત ફાડીને ઊગી જવાના,
અમે જાળ માફક ગગન આખું ઝાલ્યું
અમે પંખી એકેય ન ચૂકી જવાના

– હર્ષ બ્રહ્મભટ્ટ



નીશિથ આનંદ દંડ

Sure Safety ®
Complete Safety Solutions
PPE Training Consulting & Services

# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# માણસ માત્ર ભૂલને પાત્ર

ભૂલ કરવીએ માનવ ચરિત્રનું વિકાસના અનિવાર્ય પગથિયું છે. જે શીખે તે ભૂલો કરે છે અને જે ભૂલોમાંથી પાઠ ગ્રહણ કરે છે, પોતાનું જ્ઞાન વધારે છે. તે વિકાસ કરે છે અને સિધ્ધિ શિખરે પહોંચે છે. આ બાબત મનુષ્ય માત્રને લાગુ પડે છે. ભૂલો કરવી, ભૂલો થઈ જવી એ ગુનો નથી. દરેકને સુધારવાની તક આપવી જોઈએ.

આપણે આપણાં પાછલા સમયમાં પાછું વળીને જોઈએ તો કયાં થાપ ખાધી, ગોથાં ખાયા છે અને જાણે અજાણે ભૂલો કરી હતી. એ સ્પષ્ટ રીતે આપણી સમક્ષ તરવરી આવશે. વેપાર-કે વ્યવહારમાં પોતાનો કક્કો સાચો ઠેરવવો, ધંધા વેપારની અણ આવડત ને કારણે મોટી ખોટ ખાધી હોય, વ્યસન કે સટ્ટામાં આંધળું કિયા કરી કર્જ માથા પર ચડાવ્યું હોય, ઘર પરિવારમાં ખોટું બોલી, સત્યને છૂપાવ્યું હોય. કોઈની પ્રત્યે વેર ભાવના રાખી છૂપી રીતે અન્યથી છાના માના તેનું કામ-કાજ બગાડ્યું હોય. કોઈએ દૂધનો પ્યાલો પીવા હોઠે માંડ્યો હોય અને આપણે તે દૂધમાં નમક મિલાવવાનું કામ કર્યુ હોય. આપણા સગા સંબંધીઓની અંદરની વાત જાણવા ગમે તેમ કરી ઝાંવા નાંખી કોંકને સાધી વાત જાણી આપણો આત્મ સંતોષ શમાવવો. આ બધી પ્રવૃત્તિઓ એ વખતે સામાન્ય લાગતી હતી પણ વર્ષો વિતી ગયા પછી આપણને ખરેખર મોટી ભૂલ કરી આ બધી અન્યોની વાતોમાં આપણે ઊંડો રસ લઈ સંતોષ મેળવ્યો હતો તે ખ્યાલ આવે છે.

જ્યારે કોઈ કોઈ ગુનો કરે ત્યારે જ તેને સમજાવી શિખ આપી આ રસ્તેથી વાળી દેવાયતો ઠીક છે. નહીં તો સજા આપી તેને અપમાનિત કરાય તો આ વાતનો ડંખ સામે વાળાના દિલમાં ખૂંચેલો રહે છે. શરૂ શરૂમાં ઘણું બધુ શમન કરી શકાય પણ આગણ વધી ગયેલી વાત પાછળથી વટવૃક્ષ જેવી બની જાય ત્યારે તેને ઉખેડવી મુશ્કેલ છે.

જેણે ભૂલ કરી છે. તેને ઉપેક્ષિત ન ગણો એ વ્યક્તિની જીવનભર ઉપેક્ષા ન કરો. ગંભીર વાતને, મોટી ઘટના ને ભૂલી, ભૂલ કરનાર પ્રત્યે સાહિષ્ણુતા દાખવી શાંત સ્વસ્થ જીવનનો તેને મોકો આપો.

આપણી સાથે ઘર કે વ્યવહારમાં સંકળાયેલા પાત્રો પ્રત્યે વિશ્વાસની માગણી દાખવી તેઓ ખોટા માર્ગે ન ફંટાય એવી આપણે કાળજી લઈએ. તેઓ માર્ગ ન ભૂલે, ન ભટકે અને સાચો માર્ગ ગ્રહણ કરી ખોટો માર્ગે જતાં અટકે એવો સંનિષ્ઠ પ્રયત્ન આપણો હોવો ઘટે એટલે જ કહ્યું છે કે માનવ માત્ર ભૂલને પાત્ર. માનવ દાનવ ન બને અને એમાં તમે નિમીત ન બનો.

– જય જ્ઞાતિ મૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.
Tel. 9769991922
9833406124

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

|| શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી મહાવીરાય નમઃ || || શ્રી પાર્શ્વનાથાય નમઃ ||

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ







**અવસર આયો રે, આયો રે રાણપર ગામમેં આયો**
**આનંદ છાયો રે, છાયો રે રાણપર ગામવાસીએમેં છાયો**
**અબડાસો મલકાઈ ઘોરે પ્રભુ મહાવીરજી પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રે...**

ત્રયાન્હિકા મહોત્સવના પડઘમ સમયના વહેણ સાથે તા.૧૩-૦૨-૨૦૧૯થી તા.૧૫-૦૨-૨૦૧૯, સં.૨૦૭૫, મહા સુદ ૯-૧૦ તથા ૧૧ના પાવનમય ઉજવણીના દિવસોમાં દેશભરના વિવિધ સ્થળોએથી રાણપરવાસીઓ, શ્રી અનંતનાથ દેરાસરજીના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યોની પધરામણી, વનવગડામાં આવેલ રાણપર ગામમાં નૂતન જિનાલયમાં પુનઃપ્રતિષ્ઠિત થનાર શાસનાધિપતિ ચરમ તીર્થંકર મહાવીરસ્વામિ ભગવાનની અપરંપાર પુણ્યાઈએ તથા ગામવાસીઓ, આયોજકોના અતિ ઉત્સાહે ત્રયાન્હિકાની જગ્યાએ પંચાન્હિકા મહોત્સવમાં ફેરવાઈ ગયું.

તા.૧૨-૦૨-૨૦૧૯ને મંગળવારે મહોત્સવ ઉજવણીમાં પધારેલ જ્ઞાતિજનો તથા અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ.તપસ્વીરત્ન તપચક્રવર્તી આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબની પ્રેરણાએ શુભઆશિર્વાદે તથા સર્વે આચાર્ય ભગવંતોની અમીદ્રષ્ટિએ પ્રતિષ્ઠા નિશ્રા પ્રદાતા મધુરવક્તા પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. તથા નિશ્રાતૃષ્ટિ આપનાર તથા







# રાણપર નગરે ઉજવાયો ત્રયાહ્નિકા મહોત્સવ







અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની વિદૂષી પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ તા.૧૨-૦૨-૨૦૧૯ના લાલા ગામથી રાણપર નગરે બપોરે ૪.૦૦ કલાકે પધારતા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવતા મહોત્સવના મંડાણ થયાં, પૂજ્યશ્રી તથા સકળ સંઘે પ્રભુ દર્શન કરી શ્રી મહાવીરસ્વામિ વિધિ મંડપમાં સામુહિક ગુરૂવંદના તથા પૂજ્યશ્રી દ્વારા પ્રાસંગિક માંગલિક વ્યાખ્યાન કરવામાં આવેલ. સાંધ્ય સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) બાદ ભક્તિભાવના તથા આરતી-મંગલ દીવાનો ચડાવો માતુશ્રી મીઠીબાઈ રાયમલ મોમાયા, રાણપર/મુલુંડ પરિવારે લીધેલ. ત્યારબાદ ઉતારાની વ્યવસ્થા પ્રમાણે જખૌ-જસાપર-લાલા તરફ પ્રયાણ.

તા.૧૩-૦૨-૨૦૧૯ને બુધવારે વહેલી સવારે ૬.૦૦ કલાકે પ્રભુપૂજા તથા સ્નાત્રપૂજા વિધિકાર શ્રી કેવલભાઈના સહાયક શ્રી પ્રવિણભાઈ સાવલા તથા જ્ઞાતિ ભાઈ-બહેનો દ્વારા ભણાવવામાં આવેલ.

સવારે ૬.૩૦ કલાકે કુંભ સ્થાપના વિધિના લાભાર્થી રાણપરના નિયાણી અ.સૌ.ભારતીબેન ઉત્તમભાઈ લોડાયા, રાપર-માટુંગા પરિવારજનો દ્વારા કરવામાં આવેલ. દીપક સ્થાપના રાણપરના નિયાણી અ.સૌ.આશાબેન દીપકભાઈ ગંગાજર ડાઘા, વરાડીયા-મુલુંડના પરિવારજનો દ્વારા કરાયેલ. જવારારોપણ માતુશ્રી જયાબેન પ્રેમચંદ મોમાયા, રાણપર તથા માતુશ્રી ભાગ્યવંતીબેન હીરાચંદ મેપાણી, પરજાઉવાસી પરિવારજનોની કુમારિકાઓ દ્વારા શ્રી પ્રવિણભાઈ સાવલાના માર્ગદર્શને કરાયેલ. શ્રી ક્ષેત્રપાલ સ્થાપના પૂજનના લાભાર્થી માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી, રાણપર-સુથરી-મુંબઈ







# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ







હસ્તે શ્રી વિજયભાઈ કાનજી વિકમશી તથા શ્રીમતી શશીકલાબેન પત્કી પરિવારના સર્વે સભ્યો દ્વારા કરવામાં આવેલ. નવકારશીને ન્યાય આપ્યા બાદ સવારના ૯.૪૫ કલાકે પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજીને ગુરૂવંદના કર્યા બાદ વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા તથા સંગીતકાર શ્રી કિશોરભાઈ સાંગારના સંગાથે લઘુનંદાવર્ત પૂજન શાસ્ત્રોક્ત વિધિથી લાભાર્થી રાણપરની નિયાણીઓ અ.સૌ.માલતીબેન કિરીટ ગાલા, અ.સૌ.ભારતી ઉત્તમ લોડાયા તથા અ.સૌ.હેતલ ભરત લોડાયા પરિવારના સભ્યો દ્વારા સંપન્ન થયેલ.

નવગ્રહ પૂજનનો લાભ માતુશ્રી માનબાઈ દેવજી મોમાયા (રાણપર-મુંબઈ) હસ્તે ધીર, જુબિન, મેહુલ, અક્ષય, આગમ, સંકેત, દેવાંશ, નવ્યા, જીયા અને ધ્રુવ મોમાયા પરિવારના સભ્યોએ લીધેલ.

યતિશ્રી મોતીસાગરજી મ.સાહેબ પણ પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રા આપવા સવારે પધારતા મહોત્સવમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિએ તથા યતિશ્રીની હાજરીએ ચાર ચાંદ લાગ્યા. દશદિકપાલ પૂજન માટે લાભાર્થી માતુશ્રી જયાબેન પ્રેમચંદ મોમાયા (રાણપર-કાંજુરમાર્ગ) પરિવારે ઉમળકાભેર લાભ લીધેલ. અષ્ટમંગલ પૂજન લાભાર્થી માતુશ્રી જેતબાઈ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી પરિવાર તથા કુટુંબીજનો દ્વારા કરાયેલ. પૂજનો પૂર્ણ થયા બાદ આરતી-મંગળ દીવો કર્યા બાદ ભોજન માટે વિશ્રાંતી.

સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી જેતબાઈ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી પરિવાર







# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ







દ્વારા બપોરે સાધર્મિક ભક્તિ સમયે સર્વે ભાઈ-બહેનોનું સંઘપૂજન કરવામાં આવેલ.

સાધર્મિક ભક્તિ બાદ મેળાવડો, પૂજ્યશ્રી સાથે ધાર્મિક વાર્તાલાપ તથા વર્ષોના વાયણા બાદ રાણપર ગામના વગડામાં મળ્યાનો હરખ, જુના સંસ્મરણો વાગોળતા પસાર કર્યો. સાંજે ૪.૩૦ કલાકે શ્રી શાંતિનાથ ભગવાન સાથે સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનો, પૂજ્યશ્રીઓ સહ, નગર રથયાત્રા કરવામાં આવેલ.

સાંધ્ય ચૌવિહાર ૫.૩૦ કલાકેથી શરૂ થતા લાભ આપી સાંજે ૭.૦૦ કલાકે સંગીત કલાકારો દ્વારા ભક્તિભાવના શરૂ થવાની હોઈ સર્વે જ્ઞાતિજનોએ એ વેળાસર શ્રી મહાવીરસ્વામિ વિધિમંડપમાં સ્થાન ગ્રહણ કર્યું.

ભક્તિભાવનાનો આનંદ તથા પ્રભુમય થવાની કોશિષ સાથે ગરબાનો આનંદ તો હોય જ ને? તદ્ઉપરાંત ભાવના દરમ્યાન જ સંગીતકારોની અનુમતીએ કચ્છીઓની ભક્તિભાવનાની અસ્મિતારૂપ પખવાજ માટે શ્રી દિપકભાઈ ડાઘા, શ્રી જયચંદ દેવજી મોમાયા, શ્રી પદમભાઈ મોતાના સ્વરે તથા જ્ઞાતિભાઈઓ સંગાથે અડધો કલાક પખવાજની રમઝટ જમાવી જેને સર્વે હાજર જ્ઞાતિજનોએ તાળીઓ ગડગડાટે વધાવેલ.

વિધિમંડપ તથા પ્રભુ સન્મુખ આરતી ઉતારવાનો ચડાવો માતુશ્રી માનબાઈ દેવજી મોમાયા, રાણપર પરિવારે તેમજ મંગલ દીવાનો ચડાવો માતુશ્રી હીરબાઈ કેશવજી પીર (લોડાયા) હસ્તે ભરતભાઈ, સુથરી-મુલુંડ પરિવારે લઈ ભાવનાની સમાપ્તિ બાદ લાભ લીધેલ.







# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ








દ્વિતીય દિવસ તા. ૧૪-૦૨-૨૦૧૯ને ગુરૂવારે સવારના શુભ અવસરે ૬.૦૦ કલાકે પક્ષાલ પૂજન બાદ આયોજન પ્રમાણે ત્રણે પ્રભુજીનો આજે નૂતન જિનાલયમાં ગર્ભ પ્રવેશ. શ્રી મહાવીરસ્વામિ ભગવાનને પોંખવાનો તથા ગર્ભગૃહ પ્રવેશના લાભાર્થી શ્રી દામજી કુંવરજી વિકમશી હસ્તે અ.સૌ.આશાબેન દિપકભાઈ ગંગાજર ડાઘા, વરાડીયા-મુલુંડ પરિવાર, શ્રી શાંતિનાથ ભગવાનને પોંખવાનો તતા ગર્ભગૃહ પ્રવેશના લાભાર્થી શ્રી ખીમજી કુંવરજી વિકમશી, રાણપર-વડાલા તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાનને પોંખવાનો તથા ગર્ભગૃહ પ્રવેશ માતુશ્રી પ્રવેશ માતુશ્રી જેતબાઈ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી લાભ લીધેલ. ચલ પ્રતિષ્ટિત ભગવાનોની ઉત્થાપન વિધિ કર્યા બાદ લાભાર્થી ત્રણે પરિવારો દ્વારા પ્રતિમાઓને સાથે લઈ જિનાલય પ્રદક્ષિણા કર્યા બાદ તેમના પરિવારજનો દ્વારા પ્રભુજી પોંખવાની વિધિ કરાયા બાદ ગર્ભગૃહમાં ત્રણે ભગવાનનો પ્રવેશ ત્રણે પરિવારના સભ્યો દ્વારા હર્ષોલ્લાસથી થયો. માણેક સ્થંભ સ્થાપનાનો લાભ માતુશ્રી જેતબાઈ કરમશી છેડા, નલીયા-મુલુંડ પરિવારે લીધેલ તથા તોરણ બાંધવાનો લાભ અ.સો. આશાબેન દીપકભાઈ ડાઘા, વરાડીયા-મુલુંડ પરિવારે લીધેલ.

નવકારશી માટેના વિશ્રામ બાદ આયોજિત અઢાર અભિષેક વિધિમંડપમાં તથા જિનાલય અને પ્રાંગણમાં વ્યવસ્થા પ્રમાણે ધ્વજ દંડ, શિખર-કળશના અભિષેક નકરા રૂપ તથા ચડાવા માધ્યમે શરૂ કરાયેલ. લાભાર્થી પરિવારો ઘોષિત થતા, નામો પ્રમાણે અભિષેકનો લાભ લીધેલ.







# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ








અઢાર અભિષેક દરમ્યાન ચંદ્ર દર્શન કરાવવાનો લાભ માતુશ્રી વનિતાબેન સુરેશચંદ્ર છેડા, સુથરી-મુલુંડ તથા સુર્ય દર્શનનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર/વાપી-ડોંબિવલી, તેમજ અભિષેક બાદ પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો લાભ માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ, પરજાઉ-ઘાટકોપર, આરતી-માતુશ્રી જેતબાઈ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી, મંગલદીવો-અ.સૌ.માલતીબેન કિરીટ ગાલા, કોટડી-મહાદેવપુરી-ઘાટકોપર તેમજ શાંતિકળશનો ચડાવો માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર/વાપી-ડોંબિવલી પરિવારે લાભ લીધેલ. કચ્છમાં દુષ્કાળની પરિસ્થિતિ તેમજ રાણપર ગામે પુન–:પ્રતિષ્ઠા પ્રસંગે મુંગા પશુઓ માટે જીવદયા રૂપે જીવદયા રૂપે પાણી પ્યાઉ (અવ્હાડો) બનાવવાનો તથા કાયમી નિભાવ ફંડ માટે નકરાની જાહેરાત થતાં જ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર-વાપી/ડોંબિવલી પરિવારે નામની જાહેરાત કરતાં ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી વધાવેલ. વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીના પ્રત્યેકના રૂા. ૫,૫૦૦/- (રૂપિયા પાંચ હજાર પાંચસો પૂરા) નકરાની જાહેરાત કરાયેલ, પરંતુ સુકૃત્યો કરનાર તથા સ્વઉપાર્જિત લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનાર માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર-વાપી/ડોંબિવલી પરિવારે બધાજ ચડાવા રૂા. ૫૧,૦૦૦/- (રૂપિયા એકાવન હજાર પૂરા)ની રકમ જાહેર કરી લઈ લેતાં, સંગીતકારોએ વાજિંત્રો દ્વારા ભવ્ય સલામી આપેલ.

ઘણો જ સમય પસાર થઈ જતાં, બાકી રહેલ અભિષેકો કરવામાં આવ્યા. અષ્ટપ્રકારી પૂજા, આરતી મંગલદીવો તેમજ








# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ








શાંતિ કળશ વિધિથી ૧૮ અભિષેક વિધાન સંપન્ન થયેલ.

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઈ દેવજી ખીમજી મોમાયા, રાણપર-ભાંડુપ હસ્તે દીપ્તીબેન હિરેન, મનિષાબેન ધીરેન, ભાવનાબેન સુરેન, પ્રીતિબેન હિતેન, કિરણબેન ભૂપેન્દ્ર, તેમજબેન પ્રવિણ, બિજલબેન નયન તથા જીજ્ઞાબેન સચિન મોમાયા પરિવાર દ્વારા બપોરે સાધર્મિક ભક્તિ વખતે સર્વેનું સંઘપૂજન કરવામાં આવેલ.

સાંધ્ય સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) બાદ ૭.00 કલાકે ભક્તિભાવનની, રાસગરબાની રમઝટ માણતા, ભાવના બાદ આરતીનો ચડાવો માતુશ્રી જવેરબાઈ સોજપાર મોતા, કુવાપધર-ડોંબિવલી તથા મંગલદીવાનો ચડાવો માતુશ્રી સોનબાઈ ગોવિંદજી મૈશેરી, કુવાપધર પરિવારે લીધેલ.

મહોત્સવના તૃતીય દિવસ તા. ૫-૦૨-૨૦૧૯ ને શુક્રવાર સવારે પુન-:પ્રતિષ્ઠાના મંગલ દિવસે, મૂળનાયક શ્રી મહાવીર સ્વામિ ભગવાનની પ્રતિષ્ઠા માટે શ્રી કુંવરજી શામજી વિકમશી પરિવાર, રાણપર-પરેલ હસ્તે માતુશ્રી જવેરબેન શિવજી વિકમશી, શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા માટે માતુશ્રી માનબાઈ દેવજી ખીમજી મોમાયા, રાણપર-મુંબઈ હસ્તે માતુશ્રી લક્ષ્મીબેન રતીલાલ, માતુશ્રી શોભનાબેન ગોવિંદજી, માતુશ્રી મધુરીબેન નવિનચંદ્ર, માતુશ્રી જયાબેન પ્રેમચંદ તથા માતુશ્રી મધુબેન જયચંદ મોમાયા પરિવાર અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા માટે શ્રી કુંવરજી શામજી વિકમશી હસ્તે : અ.સૌ.







# રાણપર નગરે ઉજવાયો ત્રયાહ્નિકા મહોત્સવ





પલ્લવીબેન નિલેશ વિકમશી, રાણપર-પરેલ, શ્રી જેઠાભાઈ શામજી વિકમશી (સોનગઢવાલા) હસ્તે માતુશ્રી કલાવંતીબેન ધનજી વિકમશી, શ્રીમતી હીરાબેન અરવિંદ વિકમશી, માતુશ્રી કાંતાબાઈ દામજી વિકમશી પરિવારના સભ્યો દ્વારા શુભમુહુર્તે પુનઃપ્રતિષ્ઠિત કરાતાં હર્ષના હિલોળાએ સર્વે જ્ઞાતિજનો નાચગાન જયનાદ કરતા ઝૂમ્યા તેમજ મુખ્ય શિખર ધ્વજદંડ, શિખર કળશ તથા ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી જેતબાઈ લખમશી મુલજી છેડા, નલીયા-મુલુંડ તથા શ્રી ખીમજી કુંવરજી વિકમશી પરિવાર, રાણપર વડાલાના સભ્યો દ્વારા ૧૨૬મી ધ્વજા લહેરાવવામાં આવી.

પ્રતિષ્ઠા બાદ કંકુ થાપાની વિધિ માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી, રાણપર-ઘાટકોપર હસ્તે શ્રી વિજયભાઈ કાનજી, શ્રી સતીશભાઈ કાનજી વિકમશી તથા શ્રીમતી શશીબેન પુરૂષોત્તમ પત્કી પરિવાર દ્વારા કરાવ્યા બાદ સર્વે પધારેલ જ્ઞાતિજનો વિધિમંડપમાં આનંદ-ખુશીના માહોલમાં એક-બીજાને વધામણાં આપતાં એકત્ર થયા.

પૂજ્ય મુનિશ્રી મુક્તિરત્નસાગર મ.સા.ને સામૂહિક ગુરૂવંદન બાદ પ્રતિષ્ઠા અનુરૂપ વ્યાખ્યાન, પૂજ્યશ્રી દ્વારા દર વર્ષે રાણપર પધારવાની તથા રહેણાંક માટે પ્રેરણા કરાતા શ્રી જયચંદ દેવજી મોમાયા, રાણપર-ભાંડુપવાળાએ મકાન બન ાવવાની તૈયારી દર્શાવેલ.

ગર્ભગૃહ બહાર રંગમંડપના ગોખલામાં આવતા વર્ષે મહાકાલી માતાજીને પધરાવી પ્રતિષ્ઠિત કરવાનો ચડાવો શ્રીમતી નયનાબેન લેરિનભાઈ ખોના હસ્તે શ્રી વૃષભ જયમન લેરિન ખોના, સુજાપૂર-પવઈ પરિવારે તથા શ્રી પદ્માવતી માતાજીને પ્રતિષ્ઠિત કરવાનો ચડાવો માતુશ્રી તારાબેન માણેકજી મોતા, રાપરગઢવારી હસ્તે સુપુત્રીઓ અ.સૌ. ભાવનાબેન નરેન્દ્ર ટોલીયા, અ.સૌ.કલ્પનાબેન તરૂણ ઘરમશી તથા અ.સૌ.મીતાબેન વીરચંદ લાલકા પરિવારે લીધેલ.

તા. ૧૬-૦૨-૨૦૧૯ને શનિવારે દ્વાર ઉદ્‌ઘાટનનો ચડાવો માતુશ્રી માનબાઈ દેવજી ખીમજી મોમાયા, રાણપર-મુંબઈ પરિવારે લીધેલ તથા પ્રથમ પક્ષાલ-પૂજાનો ચડાવો શ્રી સતીષ કાનજી વિકમશી અને ચિત્રાબેન કેતન મોમાયા, વરાડીયા પરિવારે લીધેલ.

આવતા વર્ષની ધ્વજાનો ચડાવો તથા ધ્વજાદિને સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વારાપધર, વાપી/ડોંબિવલી પરિવારે લીધેલ છે તથા પહેલા દિવસની સાધાર્મિક ભક્તિનો લાભ શ્રી શીવજી કુંવરજી વિકમશી, રાણપર/પરેલ પરિવારે લીધેલ છે.

સર્વે સાધારણ ગોલ્ડન તથા સિલ્વર દાતાની પરિસરમાં યોગ્ય જગ્યાએ તક્તી લગાડતાની સ્કીમ જાહેર થતા, આવેલ નામોની યાદી નીચે અહેવાલ બાદ આપેલ છે. દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના.

સર્વે ચડાવવાના નકરા, આદેશો અપાયા બાદ પુનઃપ્રતિષ્ઠામાં વિવિધ ચડાવા દ્વારા લાભ લીધેલ પરિવારોની અનુમોદના માટે બહુમાન શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડ્સના ટ્રસ્ટ્રીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ.

સાથે સાથે, શ્રી રાણપર જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડ્સ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા સર્વેને બહુમાન તથા પ્રતિષ્ઠા સંભારણા રૂપે મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. લાલાના સરપંચ તથા ઉપ-સરપંચ તેમજ વન્ય ખાતાના શ્રી મહેશ્વરી સાહેબનું બહુમાન કરવામાં આવેલ. પૂજ્યશ્રી મુનિરાજ, સાધ્વીજી ભગવંતો તથા યતિશ્રી મોતિસાગરજી સાહેબનું ગુરૂપૂજન, તેમજ કામળી તથા પછેડી વહોરાવવામાં આવેલ. આવતા ધ્વજા મહોત્સવે નિશ્રા આપવા વિનંતી કરવામાં આવેલ.

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા, સહાયક શ્રી પ્રવિણભાઈ સાવલા, કેટરર્સ શ્રી ભીખુભાઈ જખૌવાળા, મંડપવાળા શ્રી કિરણભાઈ મોતા, નલીયાનું બહુમાન કરાયેલ, મહોત્સવની પૂર્વ તૈયારી તથા દરેક જરૂરીયાત વસ્તુઓ માટે તન-મનથી સેવા આપનાર વારાપધરના ભુજના રહેવાસી શ્રી હરીશભાઈ શીવજી લોડાયા તેમજ જિનાલયમાં ભંડારો પોતાના માતુશ્રી વિમલાબાઈ શીવજી ટોકરશી લોડાયાના નામે અર્પણ કરેલ છે. તેમનું બહુમાન કરાતાં સહુ જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી તથા સંગીતકારોએ વાજિંત્રોના નાદે સલામી આપેલ.

જિનાલયના ખન્નનવિધિથી પૂર્ણ રૂપે તૈયાર કરી આપવાના હક્કદાર સોમપુરા મે. નીલકંઠ આર્ટસના શ્રી સંજયભાઈ મુકુંદરાય સોમપુરા (ધ્રાંગધ્રા)નું અધિકારીઓ દ્વારા બહુમાન કરાયેલ, ચંદરવો અ.સૌ. પ્રિતીબેન હિરેન લાપસીયા, રંગપૂર, મસ્જિદ બંદર તરફથી ભેટ મળેલ છે. તે માટે હિરેનભાઈ લાપસીયાનું બહુમાન કરવામાં આવેલ. ત્રયાન્હિકા મહોત્સવ દરમ્યાન ત્રણે દિવસીય આયંબિલની વ્યવસ્થા રખાયેલ. પ્રત્યેક દિવસે ૯ થી ૧૧ ની સંખ્યામાં તપશ્ચર્યા શાતાપૂર્વક થયેલ તથા મહોત્સવ દરમ્યાન અઠ્ઠમતપની આરાધના રાણપરના નિયાણી અ.સૌ. ભૂમિબેન અમિત શિયાલ, તેરા/ઘાટકોપર દ્વારા કરવામાં આવેલ તેમનું યથાયોગ્ય બહુમાન કરાયેલ.

ક્ષત્રિયકુંડના નગરીના લાભાર્થી અ.સૌ.ગીતાબેન મયૂર શાહ તથા શેઠશ્રી નરશી નાથા ભોજન મંડપના લાભાર્થી માતુશ્રી મણીબાઈ ખીમજી વિકમશી પરિવારનું બહુમાન તેમજ ધ્વજા અને પ્રતિષ્ઠા દિને વિવિધ સંઘોના પ્રતિનિધિઓ, મહાજનો, અખિલ ભારત અચલગચ્છના ટ્રસ્ટીઓ હરિશભાઈ ડાઘા તથા પધારેલ સર્વે નામાંકિત જ્ઞાતિજનો, મહાનુભવોનું હાર્દિક સ્વાગત કરવામાં આવેલ.

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી શ્રી શિવજી કુંવરજી વિકમશી પરિવાર, રાણપર-પરેલ પરિવાર દ્વારા બપોરની સાધર્મિક ભક્તિ સમયે સંઘપૂજન કરવામાં આવેલ.

અભિષેક થયા બાદ તા. ૧૪-૦૨-૨૦૧૯ થી તા. ૧૬-૦૨-૨૦૧૯ માટે પ્રભુજીની ગર્ભગૃહની વિવિધ પ્રકારના રંગબેરંગી ફૂલોની નયનરમ્ય સજાવટ સ્વદ્રવ્યથી માનદ્ પ્રભુસેવાનો લાભ અ.સૌ.ભદ્રાબેન લહેરચંદ દંડ, પરજાઉ-ઘાટકોપરવાળાએ આપેલ તેમનું તિલક દ્વારા અભિવાદન કરવામાં આવેલ. જ્ઞાતિજનો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવેલ.

અંતમાં મહોત્સવની ઉજવણીની તૈયારીમાં મદદરૂપ થયેલ. શ્રી અનંતનાથજી ટ્રસ્ટનો કર્મચારીગણ, ફોટોગ્રાફર, કેટરર્સ, મંડપ ડેકોરેટર્સ, ઉતારાની વ્યવસ્થા માટે જખૌ સંઘ, જસાપર સંઘ, જખૌની ભાનુશાલીવાડીના અધિકારીઓ, પત્રિકા મુદ્રણ માટે મે. અવની પ્રિન્ટર્સ-ડોંબિવલી, ચડાવવામાં લાભ લેનાર રાણપર ગામના દિલેરી દાનવીરો, અન્ય દાતાશ્રીઓ તથા મહોત્સવમાં પ્રત્યક્ષ હાજરી આપનાર આમંત્રિતો, મહાજનો, દાતાશ્રીઓના પરિવારજનો, પુનઃપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીમાં પીઠબળ આપી ઉત્સાહમાં વધારો કરવા બદલ સર્વેની અંતઃકરણ અનુમોદના... અનુમોદના. અહેવાલનું સંકલન કરતા કોઈ ક્ષતિ રહી ગયેલ હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડમ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# રાણપર નગરે ઉજવાયો ત્રયાહ્નિકા મહોત્સવ

## ગોલ્ડન દાતા

૧ અ.સૌ. હંસાબેન જિગ્નેશ ચંદ્રકાંત લોડાયા હસ્તે : ચિ.પરીન-કુ.અવની જિગ્નેશ લોડાયા, વારાપધર-ડોંબિવલી
૨ શ્રી અનંતનાથ ટ્રસ્ટ સ્ટાફ-શ્રી પીયૂષભાઈ પ્રજાપતિ, ડોંબિવલી
૩ માતુશ્રી દેકાંબાઈ દામજી વિકમશી, રાણપર-લાયજા
૪ માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી હસ્તે : શ્રીમતી શશીકલાબેન પુરૂષોત્તમ પરિવાર, રાણપર-ચેંબુર/મુંબઈ

## સિલ્વર દાતા

૧ અ.સૌ.ભૂમિ અમિત શિયાલ, હસ્તે : મોહિત અને શૌર્ય, તેરા-ઘાટકોપર
૨ પ.પૂ.સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા. તથા પ.પૂ.રત્નરેખાશ્રીજી મ.સા.ના ગુરૂભક્તો તરફથી
૩ માતુશ્રી વનિતાબેન હીરાચંદ વિકમશી - પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી, રાણપર-અંધેરી
૪ માતુશ્રી હીરબાઈ કલ્યાણજી પીર, સુથરી-મુલુંડ
૫ શ્રી દામજી નરશી સોની પરિવાર, વાંકુ-મુલુંડ
૬ માતુશ્રી વનિતાબેન સુરેશચંદ્ર છેડા, સુથરી-મુલુંડ
૭ માતુશ્રી જેતબાઈ મુલજી છેડા, નલીયા-મુલુંડ
૮ માતુશ્રી પુષ્પાબેન પદમશી વિકમશી હસ્તે : ભરત તથા વીરચંદ, રાણપર-આદિપુર
૯ અ.સૌ. સ્મિતાબેન રાયચંદ જીવાણી, જખૌ-ડોંબિવલી
૧૦ માતુશ્રી ખીરબાઈ કાનજી વીરમ હસ્તે : લાલજીભાઈ, વારાપધર-ડોંબિવલી

લિ. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
શ્રી રાણપર જૈન દેરાસરજી અને સાધારણ ફંડ્સ ટ્રસ્ટ

જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા
જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosm.org
અથવા વૉટ્સએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

Since 1989
Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar
OLYMPIA
TRAVELS 'N' TOURS
" The One Stop Travel Shop, Right Where You Need It "
Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism
M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance
Weekend Destination
Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in
IATA Accredited Agent



ॐ ह्रीं अर्हं नमः
परम तारक श्री कुंथुनाथ स्वामिने नमो नमः
अचलगच्छ गणनायक श्री आर्य-जय-कल्याण-गौतम-नीति-दान-नेम-गुण-गुणोदय-कलाप्रभ-कवीन्द्र-वीरभद्र-महोदयसागरसूरिभ्यो नमः
भारत खंडे, छत्तीसगढ प्रदेशे श्री रायपुर नगरे
फाफाडीह मध्ये सन्मति नगरे परम तारक श्री कुंथुनाथ जिनालये जीर्णोद्धार युक्त
नवनिर्मित श्री सिध्धचक्र मंदिर, गुरुमुर्ति सह पंच देव-देवी आदि की महामंगलकारी प्रतिष्ठा प्रसंगे
पंचान्हिका महोत्सवे
सकल संघ, महाजन, महेमान, गॉव के भाई-बहेनी,
नियाणी बहेनी को सहपरिवार सस्नेह भावभरा
आमंत्रण
...महोत्सव प्रारंभ...
संवत २०७५ जेठ वद ३
ता. २०-०६-२०१९
गुरुवार
महोत्सव पुर्णाहुति
संवत २०७५ जेठ वद ७
ता. २४-०६-२०१९
सोमवार
...निमंत्रक...
श्री छत्तीसगढ कच्छी जैन संघ
श्री छत्तीसगढ कच्छी दशा ओशवाल जैन ज्ञाति महाजन - रायपुर (छत्तीसगढ)
श्री कुंथुनाथ जिनालय (अचलगच्छ विधिपक्ष), प्रभु कुंथुनाथ मार्ग, सन्मति नगर, फाफाडीह, रायपुर (छ.ग.)-४९२ ००१.
फोन: ०७७१-२८८२५२६ E-mail: kdomahajanraipur@gmail.com
हरीश जवेरचंद शाह (तोडाया)
(अध्यक्ष)
श्री छत्तीसगढ कच्छी जैन संघ रायपुर
मो.: ०९४२५२ ०९७००
चंद्रेश वीरचंद शाह (छेडा)
(अध्यक्ष)
श्री छत्तीसगढ कच्छी दशा ओशवाल जैन ज्ञाति महाजन
मो.: ०९४२५२ १३५४०
उत्तमचंद खीमजी मैशेरी
(अध्यक्ष)
प्रतिष्ठा महोत्सव समिति रायपुर
मो.: ०९८२६१ ४९८०९



# फाफाडीह सन्मति नगर (रायपुर) के मूलनायक श्री कुंथुनाथ भगवान का

## परिचय

| | | | |
|---|---|---|---|
| पिता का नाम | : श्री सूरराजा | शासन देव | : गंधर्व |
| माता का नाम | : श्रीमती श्रीराणी | शासन देवी | : बलादेवी |
| जन्म/दीक्षा स्थल | : हस्तिनापुर | मुख्य गणधर नाम व संख्या | : शंब आदि ३५ |
| वंश | : इक्ष्वाकु वंश | दीक्षा तप | : छट्ठ |
| गौत्र | : कश्यप | कितनों के साथ दीक्षा ली | : १००० |
| च्यवण तिथी | : श्रावण वद ९ | पहला पारणा कहाँ किया | : चंद्रपुर |
| जन्म तिथी | : वैशाख वद १४ | पहला पारणा | |
| दीक्षा तिथी | : चैत्र वद ५ | किसके यहाँ किया | : व्याघ्रसिंह |
| केवलज्ञान तिथी | : चैत्र सुद ३ | कौनसी वस्तु से किया | : क्षीर से |
| मोक्ष तिथी | : वैशाख सुद १ | छद्मस्थ अवस्था | : १६ वर्ष |
| जन्म राशी | : वृश्चिक | केवलज्ञान स्थल | : हस्तिनापुर |
| गण | : राक्षस | केवलज्ञान तप | : छट्ठ (बेला) |
| योनी | : बकरा | मोक्ष स्थान | : सम्मेतशिखरजी |
| लांछन | : अज | मोक्ष तप | : ३० उपवास |
| वर्ण | : सुवर्ण | सम्पूर्ण आयु | : ९५ हजार पूर्व |
| शरीर प्रमाण | : ३५ धनुष्य | अंतर | : आधा पल्योपम |
| विवाहित/अविवाहित | : विवाहित | सम्यकत्व प्राप्ति बाद भव | : ३ |

## इस प्रतिष्ठा महोत्सव नीमीत्ते शुभ आशिष

दिव्यकृपा:



भारत दिवाकर, राष्ट्रसंत
प.पू.आ.भ. श्री गुणसागरसूरीश्वरजी म.सा.



शुभ आज्ञा आशिष:



जिनशासन के वरिष्ठ आचार्य, तपचक्रवर्ती, अचलगच्छाधिपति
प.पू.आ.भ. श्री गुणोदयसागरसूरीश्वरजी म.सा.

तस्मैश्री गुरवे नमः

## शुभ आशिष



साहित्य दिवाकर प.पू.आ.भ.
श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.



सरल स्वभावी प.पू.आ.भ.
श्री कवीन्द्रसागरसूरीश्वरजी म.सा.



ज्योतिषविशारद प.पू.आ.भ.
श्री वीरभद्रसागरसूरीश्वरजी म.सा.



आगमअभ्यासी प.पू.आ.भ.
श्री महोदयसागरसूरीश्वरजी म.सा.

लब्धि-विक्रम गुरुकृपा प्राप्त प.पू.आ.भ. श्रीमद् विजयराजयशसूरीजी म.सा.
सुशील गुरुकृपा आ.भ. श्री जिनोत्तमसूरीश्वरजी म.सा.
खरतरगच्छाधिपति प.पू.आ.भ. श्री जिनमणिप्रभसागरसूरीश्वरजी म.सा.



सरल स्वभावी प.पू.आ.भ. श्री जिनपूर्णानंदसूरीश्वरजी म.सा.
मधुरभाषी प.पू.आ.भ. श्री जिनपीयूषसागरसूरीश्वरजी म.सा.

अचलगच्छ आज्ञानुवर्ति प.पू. साध्वी श्री महाप्रज्ञाश्रीजी म.सा. आदि ठाणा एवं प.पू. साध्वी श्री समयगुणाश्रीजी म.सा. आदि ठाणा

## दिव्य आशिष

शासन प्रभाविका प.पू.साध्वी श्री जयलक्ष्मीश्रीजी म.सा.

।। णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ।।

प्रतिष्ठा महोत्सवे वेगार आवजो रे...

# भावपूर्ण आमंत्रणम्

सुज्ञ साधर्मिक बंधुश्री

सादर जयजिनेन्द्रपूर्वक प्रणाम! अत्र कुशलं तत्रास्तु आप सर्व के कुशलता की कामना करते है ।

आप सर्व को सूचित करते हुए परम हर्ष हो रहा है कि छत्तीसगढ की राजधानी रायपुर में कच्छ (गुजरात) से अनेक श्रावक व्यापार्थे आकर बसे । पूर्वजो से विरासतमें मिले सुसंस्कार के कारण सर्व के मनमें एक भाव था कि अचलगच्छ समाज का एक भव्य मंदिर बने । अचलगच्छाधिपति, राष्ट्रसंत प.पू.आ.भ. **श्री गुणसागरसूरीश्वरजी म.सा.** के आशिर्वाद से श्रीसंघने मंदिर बनाने का नक्की कीया । संघ के अग्रणी जखौ निवासी श्री रतिलाल केशवजी शाह के प्रयास से एवं शासनरत्न **श्री मनोजकुमार बाबूमलजी हरण (सिरोही-राजस्थान)** वालोकी प्रेरणामय मार्गदर्शन से जिनालय निर्माण का कार्य प्रारंभ हुआ एवं अल्प समयमें धवल पाषाणओं से निर्मित देव विमान स्वरुप श्री कुंथुनाथ परमात्मा का जिनालय का कार्य पूर्ण हुआ एवं साहित्य दिवाकर प.पू.आ.भ. **श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.** की निश्रामें एवं शासन रत्न श्री मनोजकुमारजी हरण सिरोही के मार्गदर्शनमें भव्यातिभव्य प्रतिष्ठा संपन्न हुई । तभी से संघमें वृद्धि हुई एवं आज विशाल संख्यामें कच्छी समाज समृद्ध है ।

संघमें घरो की वृद्धि के कारण मंदिर छोटा पड़ने लगा था ।

अतः श्री संघ ने उसका जीर्णोद्धार कर विस्तार करने का नक्की कीया । तदंतर अचलगच्छीय प.पू. साध्वी **श्री समयगुणाश्रीजी म.सा.** की निश्रा एवं शासनरत्न श्री मनोजकुमारजी हरण के मार्गदर्शनमें शुभ दिन जीर्णोद्धार कर विस्तार करने का नक्की कीया । एवं खरतरगच्छीय प.पू. साध्वी **श्री शुभंकराश्रीजी म.सा.** आदि टाणा की शुभ निश्रा एवं शासनरत्न **मनोजकुमारजी हरण** के मार्गदर्शनमें सिद्धचक्र मंदिर, गुरुमंदिर, पंचदेव देवी मंदिरका खनन-शीलान्यास ठाठ से संपन्न होकर कार्य आगे बढ़ा । श्री संघ की उदरता एवं उत्साहसे कार्य पूर्णता की ओर अग्रसर है ।

अतः खरतरगच्छीय प.पू. अध्यात्मयोगी मुनि भगवंत **श्री महेन्द्रसागरजी म.सा.** आदि टाणा एवं अचलगच्छीय प.पू. साध्वी **श्री नयदर्शिताश्रीजी म.सा.** आदि टाणा की शुभ निश्रामें एवं शासन रत्न श्री मनोजकुमार बाबूमलजी हरण सिरोही (राजस्थान) के मार्गदर्शनमें **वि.सं. २०६५ जेठ वद ६ रविवार, २३ जून २०१९** के शुभ दिन पंचान्हिका महोत्सव पूर्वक प्रतिष्ठा करने का नक्की कीया है ।

प्रस्तुत सिद्धचक्र मंदिर के अरिहंतादि बिम्बो की अंजनशलाका अभनपुर (छत्तीसगढ) में प.पू. मधुरभाषी आ. श्री. **जिनपीयूषसागरजी म.सा.** की निश्रामें संपन्न हुई है । एवं पूर्वमें मूलनायक श्री कुंथुनाथ प्रभु की अंजनशलाका पीपलोन कला (मध्यप्रदेश)में संपन्न हुई उसी समय वहाँ पर ३०० जिन बिम्बो की अंजनशलाका हुई थी ।

अतः आपसे निवेदन है की इस अवसर पर सहपरिवार पधारकर हमारे भावोल्लास के साथ रह कर शासन की शोभा बढ़ावे । अतः जरूर पधारे ।

लि.

**श्री छत्तीसगढ कच्छी जैन संघ (रायपुर)**

**श्री छत्तीसगढ कच्छी दशा ओशवाल जैन ज्ञाति महाजन-रायपुर**

**(छत्तीसगढ)**



प्रतिष्ठा महोत्सव
कुमकुम पत्रिका आलेखन
प.पू. महत्तरा मनोहर शिशु मृगावतीश्रीजी म.सा.
की प्रेरणा से
एक गुरुभक्त परिवार
ता. ०२-०६-२०१९ रविवार ● प्रातः ८.५० बजे ।
मंगल महोत्सव
प्रातः ५.३० बजे:
गुरुदेव प्रवेशोत्सव
प्रातः ६.०० बजे
स्नात्र पूजा :
प्रातः ६.४० बजे
कुंभ स्थापना
प्रातः ७.३० बजे
ज्वारा रोपण
प्रातः ७.०० बजे
दीपक स्थापना
सुबह : ९.३० बजे
श्री पार्श्वनाथ पंचकल्याणक पुजा
प्रातः ७.०० बजे : नवकारशी
सुबह ११.३० बजे : साधर्मिकभक्ति
स्नात्र पूजा :
गुरुदेव प्रवेशोत्सव



महा महोत्सव प्रारंभ
प्रथम दिवस
संवत २०७४
जेठ वद ३
ता. २०-०६-२०१९ गुरुवार
प्रातः ६.३० बजे:
हस्तीनापुर नगरी, शालिभद्र भोजन मंडप
भव्य उद्घाटन
प्रातः ८.०० बजे:
नवग्रह पाटला पूजन
वर्षाबेन प्रमोद खोना,
सौ. रीटाबेन नवीन दंड एवं
सौ. नीता बिपीन लोडाया
प्रातः ८.३० बजे :
दशदिक्पाल पाटला पूजन
मातुश्री सुशीलाबेन हसमुखभाई कोठारी
परिवार (रायपुर)
प्रातः ९.०० बजे :
अष्टमंगल पाटला पूजन
मातुश्री प्रेमीलाबाई परमशी दंड परिवार
(मंजल रेलडीया-भिलाई)
हस्ते: योगेशभाई , मुकेशभाई
प्रातः ९.३० बजे :
नंदावर्त पाटला पूजन
मातुश्री अंजुलाबेन कांतीलाल धारशी शाह
परिवार (रायपुर)
दोपहर :
श्री सिद्धचक्र महापूजन
श्री रतिलाल केशवजी शिवाड की स्मृतिमें
मातुश्री नेणबाई केशवजी शिवाड (शाह) परिवार
(नवी-रायपुर)
प्रातः ७.०० बजे
नवकारशी
एक सद्गृहस्थ
प्रभुभक्त परिवार
सुबह ११.३० बजे
साधर्मिकभक्ति
एक सद्गृहस्थ
प्रभुभक्त परिवार
संध्या आंगी, सजावट,
भक्तिभावना के लाभार्थी
कु. ताशी अमित हीराचंद मैशेरी
(नानी सिंधोडी-रायपुर)
सायं :५.३० बजे
चौविहार
मातुश्री चंपाबाई उमरशी हंसराज
शिवाड परिवार
(नवी-धमतरी-बेंगलोर)
श्री कुंथुजिन भक्तिगीत प्रतियोगीता
स्थानीय महिला मंडलो द्वारा
संपर्क: सौ. हेमल शाह - ९३०३३९९९३३
सौ. कल्पना शाह - ९९९३०३९५००
सौ. वीणा मोमाया - ८३१९८०४६२०
महिला
सांजी एवं
महेंदी कार्यक्रम
संपूर्ण दिवस
श्री संघ द्वारा



द्वितीय
दिवस
ता. २१-०६-२०१९ शुक्रवार
प्रातः ६.०० बजे
पूज्य गुरुभगवंतो का भव्य सामैया
प्रातः ९.१५ बजे
प्रवचन, मांगलिक
दोपहर १२.३९ बजे (विजय मुहूर्त)
१८ अभिषेक (सामुहिक लाभार्थी)
विभिन्न लाभार्थी परिवारों द्वारा
मेरु शिखर नवरावे... हो सुरपति...
मेरु शिखर नवरावे...
संपूर्ण दिवस के
साधर्मिक भक्ति के लाभार्थी
सौ. हीराबेन भवानजी हीरजी शियाड (जखौ-रायपुर)
श्री पार्श्व कला मंडल - उज्जैन के सतिश दवे और पार्टी द्वारा प्रस्तुत... भव्यातिभव्य लाईट अॅण्ड साउन्ड प्रस्तुति
"जयति पार्श्वनाथ"
लाभार्थीः मातुश्री गंगाबाई डुंगरशी जेवत मोमाया (भठारा) परिवार
(नलिया-रायपुर)
हस्तेः सौ. उषाबेन दिनेशभाई मोमाया


तृतीय
दिवस
संवत २०७५
जेठ वद ५
ता. २२-०६-२०१९ शनिवार
प्रात: ६.०० बजे : देव-देवी (नूतन) पूजन
प्रात: ७.०० बजे: हवन
प्रात: ९.०० बजे: भव्यातिभव्य वरघोड़ा, धर्मसभा एवं चढ़ावे
दोपहर १२.३९ (विजय मुहूर्ते):
श्री नवकार महामंत्र पूजन एवं नवकारशी के लाभार्थी
सौ. मंजुलाबेन रजनीकान्त अमृतलाल मेहता परिवार (मोटी पानेली - रायपुर)
दोपहर : साधर्मिक भक्ति
स्व. किशोरीबेन जवेरचंद / स्व. जवेरचंद लखमशी मैशेरी की पुण्यस्मृतिमें
मातुश्री भच्चीबाई लखमशी रायशी मैशेरी (नानी सिंधोडी-रायपुर)
हस्ते: मातुश्री दमयंतीबेन कांतीलाल दंड (मंजल रेलडीया - मुंबई)
चौविहार
श्री शांतीलालजी सुंदरबाई पोरवाल (श्राफ) (बिलाड़ा-राजस्थान, रायपुर)
हस्ते: सुपुत्र सुरेन्द्रकुमारजी राखी पोरवाल (श्राफ)
पौत्र: सर्वेश पौत्री : ख़ुशी
संध्या आंगी, सजावट एवं डांडिया रास
श्रीमती अरुणाबेन महेशभाई मेहता
हस्ते: पन्नालालभाई गोन्दियावाला


चतुर्थ दिवस
संवत २०७५
जेठ वद ६
ता. २३-०६-२०१९ रविवार
ॐ पुण्याहं पुण्याहं
प्रियन्ताम् प्रियन्ताम्
प्रतिष्ठा
प्रातः शुभ मुहूर्ते
भव्य प्रतिष्ठा महोत्सव, धर्मसभा, अभिनंदन समारोह
दोपहर १२.३९ बजे (विजय मुहूर्ते)
अष्टोत्तरी शांतिस्नात्र पूजा
विभिन्न लाभार्थी परिवारों द्वारा
सायं:
कुमारपाल राजा द्वारा
महाआरती
सायं आंगी, सजावट, भक्तिभावना
श्री रामलाल गोविंद अॅण्ड पार्टी (उज्जैन) द्वारा


पंचम
दिवस
ता. २४-०६-२०१९ सोमवार
द्वारोद्घाटन
प्रातः शुभ मुहूर्त द्वारोद्घाटन
बोली द्वारा
सुबह : ९.०० बजे
सत्तरभेदी पूजा
मातुश्री दमयंतीबाई कांतिलाल दंड (मंजल-मुलुंड)
मातुश्री किशोरीबाई जवेरचंद मैशेरी
(नानी सिंधोड़ी-रायपुर)
दोपहर: १२.३९ बजे (विजय मुहूर्त)
दादागुरुदेव पूजा
सौ. प्रभावतीबेन गुलाबभाई खिलोसीया परिवार
(गुजराती मिष्टान भंडार-रायपुर)
प्रातः नवकारशी एवं
दोपहर साधर्मिक भक्ति
श्री पुनमचंदजी सुशीलादेवी, राजेशजी साधनादेवी
कु. रोशनी, रविशकुमारजी मुणेत परिवार (रायपुर)

छत्तीसगढ़ प्रदेश, धन्य वसुन्धरा स्थित रायपुर नगरे

फाफाड़ीह मध्ये सन्मति नगरे

## श्री कुंथुनाथ जिनालये

श्री सिद्धचक्र मंदिर, गुरुमुर्ति, पंचदेव-देवी मूर्ति आदि के
भव्यातिभव्य प्रतिष्ठा महोत्सव में पधारने हेतू
हार्दिक आमंत्रण सह सादर जय जिनेन्द्र...

सादर... सविनय... सप्रेम...



श्री छत्तीसगढ कच्छी जैन संघ - रायपुर (छत्तीसगढ) की आज्ञा से

सांयरा निवासी, हाल रायपुर

## मातुश्री मुरबाई जवेरचंद वेलजी लोडाया परिवार का

# जय जिनेन्द्र सा...

सौ. गीता-हरीश, सौ. कल्पना-चेतक,
सौ. काजल-जीगर, सौ. इला-अजय सोनी
सौ. निधी-सिद्धार्थ दंड (USA), सौ. श्रुति-शाश्वत गुप्ता (रायपुर)
चि. अमी
एवं समस्त लोडाया परिवार

# કીર્તિદા મેકોની ને વિશ્વ પર્યાવરણ દિવસે સન્માનિત કરાયા

બેંગ્લોરના મધુરીબેન સોનાવાલાના પુત્રી કીર્તિદા મેકોનીને તા. ૫ જૂન ૨૦૧૯ બુધવારના અહિંસા વિશ્વ ભારતી આયોજિત પ્રેમ અને દયા દ્વારા પર્યાવરણ સંરક્ષણ વિષયકના એક સેમિનારમાં સન્માનિત કરાયા. સમારોહ કાર્યક્રમમાં યોગ ગુરૂ રામદેવ બાબા સદ્‌ગુરૂ જગ્ગીજી સાથે અનેક ગણ માન્યવર મંચસ્થ હતા.




## પ.પૂ. કમલ પ્રભ સાગરજી મ.સા. આદિઠાણાનો દહીંસર સંઘમાં પ્રવેશ

તા. ૭ જૂન ૨૦૧૯ ગુરૂવારના દિને સવારે સાત કલાકે પ.પૂ. કમલ પ્રભસાગરજી મ.સા.આદિઠાણાનો મુંબઈની હદમાં દહીંસર ટોલનાકાથી વાજતે ગાજતે પ્રવેશ થયો. ત્યાંથી પૂજ્યશ્રી રાવલપાડા દહીસર જૈન સંઘમાં પધાર્યા. બપોરે ૪ વાગ્યે દહીંસરના મિસ્કિવટ નગર ઉપાશ્રય પધાર્યા. સકળ સંઘ દ્વારા તેમનું ભવ્ય સામૈયું કરાયું.

પૂજ્યશ્રીનું ચાતુર્માસ ઝવેર રોડ, મુલુંડ (પ.)ના વાસુપૂજ્ય સ્વામી દેરાસરમાં નિર્ધારીત છે.



## કે.ડી.ઓ સ્ટુડન્ટસ એસોસિયેશન દ્વારા બે દિવસીય એડવેન્ચર કેમ્પ



આજ કુછ તુફાની કરતે હૈ ની ટેગ લાઈન ગજવતો બે દિવસનો એડવેન્ચર કેમ્પ જેમાં મજા, મસ્તી, સાહસ અને તાલીમનો આનંદ હશે તા. ૧૫ અને ૧૬ જૂન શનિવાર તથા રવિવારના ૩૬૦ ડિગ્રી એડવેન્ચર પૂના ખાતે ઉંમર વર્ષ ૧૨ થી ૨૪ વર્ષ વાળાઓ માટે રખાયો છે. મર્યાદિત સીટો ઉપલબ્ધ છે. રૂા. ૧૦૦૦ ભરીને અશ્વિન લોડાયા મો. ૭૭૭૭૦૦૬૦૭૨ તથા ધાર્મિલ નાગડા મોનં. ૯૬૧૯૦૯૧૨૭૨ પાસે રજીસ્ટ્રેશન, કરાવી લેવું. કેમ્પમાં એડવેન્ચર પ્રવૃત્તિ, હાઈ રોપકોર્સ, પેઈન્ટ બોલસ, માઉન્ટન બાઈકીંગ, રેપલીંગ, કેમ્પ ફાયર, લાઈટ મ્યુઝિક, ટ્રેઝર હંન્ટ, ટીમ ગેમ ઉપરાંત અન્ય સરપ્રાઈઝ તો ખરી. બધી સુવિધા સાથેના ટેન્ટમાં રાત ગુજારો.

# કેડીઓ જૈન સંઘ હુબલીમાં અઢાર અભિષેક સંપન્ન થયા




શ્રી કેડીઓ જૈન સંઘ હુબલી નગરમાં તા.૭ જૂન શુક્રવારના માંગલ્ય દિને પ.પૂ.જગવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં ૧૮ અભિષેક સંપન્ન થયા સકળ સંઘના શ્રાવક શ્રાવિકોની ધન્ય ભરી ઉપસ્થિત રહી. જે સૌએ ઉમંગભેર લાભ લઈ કૃતાર્થ થયા હતા.

# પ.પૂ. સાધ્વીશ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા.ના સંયમજીવનના ૨૨ વર્ષમાં પ્રવેશ




કોઠારા કચ્છના અને અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના માનદ્ મંત્રી પ્રવીણ ટોકરશી લોડાયાના સંસાર પક્ષે બેન, માવિત્ર માતુશ્રી જયાબાઈ ટોકરશી લોડાયાના સંસાર પક્ષના પુત્રી સંસારી નામ રાજુલાબેન જે દીક્ષા તિથિ જેઠ સુદ બીજ સંવત ૨૦૫૪ના ડોંબિવલી ખાતે ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અર્હત કિરણાશ્રીજી મ.સા. ના શિષ્યા તરીકે પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા. પાસેથી દીક્ષા ગ્રહણ કરી. સંયમ જીવન સ્વીકારી આજને દિવસે-તિથિએ પ.પૂ. સાધ્વીશ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા. તરીકે પરિવર્તીત થયા તેને ૨૧ વર્ષ પૂરા થયા અને આજને દિવસે ૨૨ મા વર્ષમાં પ્રવેશ કરેલ છે.





# ડોંબિવલી સંઘમાં ૨૨મો ધ્વજા મહોત્સવ યોજાયો







ડોંબિવલી જૈન સંઘમાં તા. ૪ જૂન ૨૦૧૯ મંગળવાર દિને પરમપૂજ્ય આચાર્ય ભગવંતશ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.ના નિશ્રામાં વિધિકાર કેશવજી ભાઈ ગડાના સથવારે ૨૨મો ધ્વજા મહોત્સવની ઉજવણી રંગેચંગે થઈ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર કાર્યક્રમમાં જોડાઈ ઉત્સવ ઉજવણીનો ઉમંગ ભેર આનંદ લીધો હતો.







# ૯૯ યાત્રામાં ૧૦૮ જાત્રા પૂર્ણ કરી યુવા યાત્રિકો



ગુરૂ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યુવા યાત્રામાં પ્રીત મહેન્દ્ર ઘરમશી મૂળ ગામ સાંધાણ હાલે બાર્શી ૧૦૮ યાત્રા સુખરૂપ પૂર્ણ કરી.

મૂળ કચ્છ સાંયરાના તરૂણ બિપિનભાઈ મોમાયા હાલે ઐરોલી નવી મુંબઈ પાલીતાણા યુવા ૯૯ યાત્રામાં સુખ શાતા રૂપે ૯૯ + ૯ = ૧૦૮ યાત્રા પૂર્ણ કરી. આ બંન્ને યુવા યાત્રિકોની ભવ્ય અનુમોદના કરીએ.


ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977



**Bipin Nagda**
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com



**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.
Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત આગામી સમૂહ લગ્ન

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત આગામી સમૂહ લગ્ન કચ્છ મધ્યે તા. ૧૫-૧૨-૨૦૧૯ ના આયોજિત કરાયા છે. આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા ઈચ્છુકજનોએ વહેલી તકે ફોર્મ મેળવી લેવા વધુ વિગત માટે સંપર્ક

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રબોધ મુનવર | ભુજ | ૯૯૨૫૧૬૯૮૭૬ | શાંતિલાલ લોડાયા | (વડોદરા) | ૯૮૨૪૦૧૨૯૭૧ |
| હેમંત મોતા | લોનાવાલા | ૯૩૭૦૭૧૦૮૯૧ | લક્ષ્મીચંદ દંડ | (ખંડવા) | ૯૯૭૭૫૫૦૧૧૦ |
| અરવિંદ લોડાયા | ગાંધીધામ | ૯૮૨૫૬૩૪૬૪૯ | ચેતનભાઈ | (કોચીન) | ૯૮૪૬૨૬૮૭૭૭ |
| વીરચંદ ખોના | (વાશી) | ૯૮૭૦૯૮૯૦૦૫ | લહેરચંદ લોડાયા | (હૈદ્રાબાદ) | ૯૨૪૬૫૩૧૦૬૬ |
| ચંદ્રેશ છેડા | (રાયપુર) | ૯૪૨૫૨૧૩૫૪૦ | કુસુમકાંત લાલકા | (ડોંબિવલી) | ૯૩૨૩૯૬૧૬૧૭ |
| વિરેન્દ્ર લોડાયા | (વડોદરા) | ૯૮૨૧૦૭૩૮૩૦ | ચેતન ખોના | (અબડાસા) | ૯૮૭૯૬૧૪૭૪૪ |
| ચંદ્રેશ લોડાયા | (અમદાવાદ) | ૯૮૨૪૦ ૧૪૦૪૭ | | | |

## શત્રુંજય એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓ માટે સન્માન કાર્યક્રમ

ગુણવંત વિદ્યાર્થીઓની સફળતા માટે હાર્દિક વધાઈ સાથે અભિનંદન. કે પ.પૂ.ગચ્છાધિપતિશ્રી તપ ચક્રવર્તી આ.ભ.ગુણોદયસાગરસૂરિજી મ.સા.ની આજ્ઞાનુવર્તિની પ.પૂ.સાધ્વીજી ભ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની શિષ્યા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનમાં ચાલતા સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમના ઉત્તીર્ણ ગુણવંત વિદ્યાર્થીઓનું ચંદ્રક તેમજ શિષ્યવૃત્તિથી સન્માન તથા બધા ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ શનિવાર, તા.૨૨-૬-૨૦૧૯ના બપોરના ૨.૩૦ થી ૪.૩૦ કલાકે શ્રી વાસુપુજ્યસ્વામી જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ, મુંબઈમાં રાખવામાં આવ્યું છે. બધા વિદ્યાર્થીઓને શત્રુંજ્ય એકેડેમી તરફથી આ કાર્યક્રમમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. સાંજે ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.







● રૂા. ૧.૩ કરોડના પેકેજ સાથે મેનહટન ન્યૂયોર્ક રિસર્ચ સેન્ટર અમેરિકા ખાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંશોધન માટે ગૂગલ દ્વારા મૂળ મસ્કાના અને કડી-ગુજરાત રોટરી કલબના પૂર્વ પ્રમુખ અને પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજનાન પ્રિન્સિપાલ ડૉ.અજ્ય ગોરના પુત્ર મહર્ષિગોરની પસંદગી કરાઈ છે. મહર્ષિ ગોર ગાંધીન ગરની કડી સર્વ વિદ્યાલયની એમ.બી.પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાંથી ધોરણ ૧૨ પાસ કરી એન.આઈ.ટી. નાગપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનીયરીંગમાં બી.ટેક કર્યુ છે.

● આદિપુરની વિંગ્સ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કારકિર્દી સમજણ શિબિર સિંધુભવનમાં યોજાઈ. શિબિરમાં પરીક્ષા પછી શું કરવું. ઉચ્ચ અભ્યાસ માટેની વિવિધ શક્યતાઓ અને સમજ, તબીબ કે તકનીકી નિષ્ણાત સિવાય પણ અનેક ક્ષેત્રોમાં ઉચ્ચ કારકિર્દી ઘડી શકાય છાત્રો માટે વીઝા ઈમીગ્રેશન, વિદેશમાં અભ્યાસ અને કાયમી સ્થાઈ થવું સહિતના અનેક મુદ્દાઓ પર તજજ્ઞોએ પ્રકાશ પાડ્યો હતો.

● નવ ચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે દાતા લીલાવંતી બેન જેઠાલાલભાઈ મહેતા ભુજના સૌજન્યથી ભુજ નગરમાં દૂર દૂર વસવાટ કરતાં શ્રમજીવી પરિવારોની સુખાકારી માટે હરતાં ફરતાં નિઃશુલ્ક છાશ કેન્દ્રનું લોકાપર્ણ કરાયું. હાલે માંડવી તથા ભુજમાં વિવિધ સખીદાતાઓના સહયોગથી ત્રણ છાશ કેન્દ્રો ચાલી રહ્યાં છે. જેમાં રોજેરોજ ૬૦૦ લિટર છાશનું વિતરણ કરવામાં આવે છે.

● જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે શ્યામ મહિલા મંડળ છ કોટી જૈન સંઘ ભુજના સહયોગથી ભુજમાં માનવ સેવા-જીવદયા દર્દીઓની સેવારૂપ યજ્ઞનું આયોજન કરાયું હતું. ગૌવંશને રોટલા ઘાસચારો શ્વાનોને લાડુ, પક્ષીઓને ચણ અને દુખિયા દીનજનોને પૌષ્ટિક અલ્પાહાર અપાયો હતો. આગળના ચરણમાં સંસ્થા કાર્યકરો સાથે મહિલા મંડળના ૩૦ કરતા વધુ બહેનોએ જનરલ હોસ્પિટલમાં સારવાર લેતાં ૩૦૦ દર્દીઓની મુલાકાત લઈ સંભાળ લીધી હતી અને કાળઝાળ ગરમીમાં રાહત મળે તે માટે તમામ દર્દીઓને ગ્લુકોન-ડી ના પેકેટ સાથે દેશી ઘીનો શીરો, બિસ્કિટ પેકેટ આદી વસ્તુઓનું વિતરણ કર્યુ હતું. વયસ્ક બેસહારા દર્દીને સ્વ હસ્તે ભોજન કરાવી તમામ દર્દીઓ જલ્દી સાજા થઈ જાય તેમજ જગતના જીવો સુખી થાય તે માટે મંત્રાધિરાજ નમસ્કાર મંત્રના જાપ સાથે પ્રાર્થના કરાઈ હતી.

● મૂળ ભુજના અને ૪૪ વર્ષથી આરબ દેશ ઓમાનમાં વસતા ચિત્રકુમાર મહાવીર સિંહ સરદાર દર લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અચૂક આવે છે. ઓમાનમાં ઈન્ડિયન સોશ્યિલ કલ્બના ૧૭ વર્ષ જનરલ સેક્રેટરી રહ્યાં અને વર્ષ ૨૦૦૫ થી વાઈસ ચેરમેન પદે છે. આ સંગઠનમાં કુલ ૨૭ વિંગ છે. અર્થાત કચ્છી, ગુજરાતી, પંજાબી, જે.જે.પ્રાંતના લોકો ઓમાનમાં વસે છે તેઓની વિંગ. ઓમાનમાં નાગરિકત્વ મળતું હતું પણ ભારતનો મતાધિકાર અખંડ રહેએ માટે ત્યાંની સિટિઝનશીપ તેમણે નકારી દીધી છે.

● રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એવા ખીરઈગામમાં ૧૧૬૪ કુલ મતદાર નોંધાયેલા છે. જેમાં ૫૯૩ પુરૂષ મતદારો અને ૬૭૧ સ્ત્રી મતદારો નોંધાયેલ છે. આમ પુરૂષ મતદારોની સરખામણી ૭૮ સ્ત્રી મતદારો વધુ છે. કચ્છનું આ પ્રથમ મતદાન મથક છે. જેમાં સ્ત્રી મતદારો વધુ છે.

● રવિભાણ સંપ્રદાય અને રાપર દરિયા સ્થાન મંદિર તથા રાપર લોહાણા મહાજનના સંયુક્ત ઉપક્રમે યોજયેલ નેત્ર યજ્ઞમાં ૪૩૦ દર્દીઓના મોતિયાબિંદુના ઓપરેશન રાજકોટન રણછોડ દાસજી ચેરિટેબલ ટ્રસ્ટની હોસ્પિટલમાં કરાયા. નિઃશુલ્ક પણે યોજાયેલ આ નેત્રયજ્ઞમાં દર્દીઓને તબીબી સલાહ સારવાર ઓપરેશન ઉપરાંત રાજકોટ લઈ જવા પરત લાવવા ચા-પાણી ભોજન તથા રહેવાની વ્યવસ્થા અપાઈ હતી.

## પૂજ્ય ગુણ ગુણોદય આધ્યાત્મયોગી અને યુવા મુનિનો વડોદરા નગરે સ્થિરતા લાભ

સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની કૃપા ઉતરી અનારાધાર, ઉદય ગુણ ગુરૂદેવ બિરાજે છે આજ ખંભાત શહેર મોઝાર

પૂજ્ય ગુણ ગુણોદય સર્વોદય કૃપાવંત ગુરૂદેવો આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા તા.૧૧ જૂન મંગળવાર રોજ વડોદરા રાવપુરા અચલગચ્છ ઉપાશ્રય મધે તથા તા.૧૨ જૂન ૨૦૧૯ બુધવારના કચ્છી દશા ઓસવાલ ઉપાશ્રય મધે બિરાજમાન રહેશે. પૂજ્યશ્રીની બે દિવસની મળેલી વડોદરા શહેરની સ્થિરતાનો દર્શન, વંદન અને અનુષ્ઠાનનો લાભ સૌ લઈ ધન્ય થાય એવી સૌને વિનંતી સહ નિમંત્રણ.

## યુવા હૃદય સમ્રાટ ગુરૂદેવ ગુણ વલ્લભ સાગરજી મ.સા.ની ૧૫મી દીક્ષા તિથિ

તા. ૫ જૂન ૨૦૧૯ બુધવાર રોજે જેઠ સુદ ૩ ના રોજ જ્યાતિષાચાર્ય સર્વોદય સાગરજી મ.સા.ના કૃપાવંત આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદયરત્ન સાગરજી મ.સા.ના શિષ્ય યુવા હૃદય સમ્રાટ ગુરૂદેવ ગુણ વલ્લભ સાગરજી મ.સા.ની ૧૫ મી દીક્ષાતિથિ દિવસે સકળ સંઘના સૌએ વંદના-દર્શન કરી. ગુરૂદેવના સંયમ જીવનની અનેકાવાર અનુમોદના કરી ધન્યતા અનુભવી હતી. કોટી કોટી વંદન ગુરૂદેવજીને.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

**ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા**



# જીવન ઘટમાળ

## ● લગ્ન ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૫-૨૦૧૯ | હૈદ્રાબાદ | મનોજ શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | - |
| | હૈદ્રાબાદ | પ્રિયંકા દિલીપ વિશનજી મોમાયા | વારાપધર | - |

## ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૯ | કોચીન | ભરત કુંવરજી ડાઘા | તેરા | ૬૮ |
| ૦૨-૦૬-૨૦૧૯ | ડોંબિવલી(પૂ.) | મીના ખીમજી વિક્મશી | સુથરી | ૫૨ |
| ૦૩-૦૬-૨૦૧૯ | ડોંબિવલી(પૂ.) | વીરેશ કલ્યાણજી ધરમશી | સુથરી | ૭૨ |
| ૦૩-૦૬-૨૦૧૯ | હુબલી | તિલકચંદ ખેતશી કુરૂવા | ગોએરસમા | ૬૪ |
| ૦૫-૦૬-૨૦૧૯ | જલગામ | પુષ્પા ખેતશી પોલડિયા | ગોએરસમા | ૭૧ |
| ૦૫-૦૬-૨૦૧૯ | હૈદ્રાબાદ | વીજલ વિશાલ તાલા | તેરા | ૩૪ |
| ૦૫-૦૬-૨૦૧૯ | ઈગતપુરી | ચંદન મણીલાલ પોલડિયા | ગોએરસમા | ૭૯ |
| ૦૬-૦૬-૨૦૧૯ | ડોંબિવલી(પ.) | હિના રતીલાલ ધ્રોળ | કોટડી | ૫૪ |
| ૦૬-૦૬-૨૦૧૯ | વાપી | મુલજી રતનશી મૈશરી | જખૌ | ૮૩ |
| ૦૬-૦૬-૨૦૧૯ | કોચીન | ભારતી રાયચંદ મૈશેરી | વાકું | ૭૧ |
| ૦૭-૦૬-૨૦૧૯ | ઘાટકોપર (પૂ) | હિંમતલાલ વિસનજી ખોના | ખાવડી મોટી | ૮૬ |


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક

● **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.

● **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.

● **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઇમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરૂર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.

● **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. જેમ કે:**

● દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).

● ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.

● જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી

● બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો

● જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરૂઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરૂરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

**ચેરપર્સન - હેમાબેન ગુલાબ છેડા**　　**કન્વીનર - હંસ ભવાનજી ખીમજી**

Plan the present, secure the future.

Get a Family Insurance!



insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO